# માતા-પિતા કેવી રીતે મદદરૂપ બની શકે?

*સકારાત્મક અને પ્રોત્સાહક બનો!

*દરરોજ તમારા બાળકની પોઈન્ટ શીટની સમીક્ષા કરો અને તેના ઉપર હસ્તાક્ષર કરો.

*જો તમારા બાળકે તેના/તેણીના લક્ષ્યને હાંસલ કર્યું હોય તો તમારા બાળકની પ્રશંસા કરો અને તેના/તેણીના પ્રયાસોને સ્વીકૃતિ આપો.

*જો તમારું બાળક તેના/તેણીના લક્ષ્યને પ્રાપ્ત ન કરી શકે તોઃ

- તેમને પ્રોત્સાહન આપો – તેમને વિશ્વાસ અપાવો કે તેઓ બીજા દિવસે સારું પ્રદર્શન કરી શકે છે તેમ તમે માનો છો.

- તેમને સારી પસંદગીઓ કરવા માટે યાદ અપાવો.
*યાદ રાખો...આપણે સંપૂર્ણતા ઉપર ભાર નથી

મૂકતા.! જો બાળકોએ તેમનું લક્ષ્ય (80% પણ) હાંસલ કર્યું હશે તો તેઓ સફળ છે.
*બાળકમાં સુધારાની નોંધ કરો અને તે અંગે બાળકને જાણકારી આપો.



## પીબીઆઈએસ ટીયર 2 જૂથના સભ્યો

*જુલી ટોબીન*
પ્રિન્સિપાલ

*રોસાન્ને સીકીચ*
આસિસ્ટન્ટ પ્રિન્સિપાલ

*જુલી ઓગસ્ટીન*
નિવારક સંયોજક

*એઈમાબેગ*
આંતરિક કોચ/ઈએસએલ શિક્ષક

*એમીલી હાસ*
આંતરિક કોચ/સામાજીક કાર્યકર્તા

*મુરીન તુર્રેલ*
પેરાપ્રોફેશ્નલ

*ક્રિસ્ટીન બેરેન્શોત*
રિસોર્સ કન્સલ્ટન્ટ

## એલ્સી સી. જહોનસન પ્રાથમિક શાળા


1380 નોટિલસ લેન
હેનોવર પાર્ક, આઈએલ 60133
(630) 671-8800
અમારી મુલાકાત લોઃ www.ccsd93.com








# પીબીઆઈએસ ટીયર 2

## વાલીઓ માટે માર્ગદર્શિકા

સીસીએસડી 93
એલ્સી સી. જહોનસન પ્રાથમિક શાળા


# પીબીઆઈએસ અંગેની સમજ



પોઝિટિવ બિહેવીયર ઈન્ટરવેન્શન્સ એન્ડ સપોર્ટ્સ (પીબીઆઈએસ) એક ક્રિયાશીલ સિસ્ટમ છે, જે તમામ વિદ્યાર્થીઓને સામાજીક, લાગણીશીલ અને શૈક્ષણિક સફળતાના લક્ષ્યોને હાંસલ કરવા માટે આવશ્યક વર્તણૂંક આધાર તથા સામાજીક સંસ્કારની સમજ આપે છે. પીબીઆઈએસ મારફતે કર્મચારી તમામ વિદ્યાર્થીઓને વિવિધ હસ્તક્ષેપ તથા સહયોગ ઉપલબ્ધ કરાવે છે.

જમણી બાજૂની આ રેખાકૃતિમાં, પિરામીડનો નીચેનો હિસ્સો આપણા યુનિવર્સલ ઈન્ટરવેન્શન્સને દર્શાવે છે, જે આપણા વિદ્યાર્થીઓ 100% પ્રાપ્ત કરે છે. યુનિવર્સલ ઈન્ટરવેન્શન્સથી આશરે 80% વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને વર્તણૂંકની દ્રષ્ટિએ સફળતા હાંસલ કરે છે.

આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીને સૌથી વધુ સહયોગની જરૂર રહે છે. પિરામીડના મધ્યભાગમાં અથવા આપણા ટીયર 2 ઈન્ટરવેન્શન્સમાં આ બાબતને દર્શાવવામાં આવી છે. વિદ્યાર્થીઓ તેમની જરૂરિયાતોમાં બદલાવ પ્રમાણે વિવિધ સમયે આ સ્તરોમાં પ્રવેશી અથવા બહાર નીકળી શકે છે. ટીયર 2 ઈન્ટરવેન્શન્સમાં ચેક-ઈન, ચેક-આઉટ (સીઆઈસીઓ), સોશિયલ/એકેડેમિક ઈન્ટ્રક્શનલ ગ્રુપ્સ (એસએઆઈજી), અને વ્યક્તિગત સીઆઈસીઓનો સમાવેશ થાય છે.




## ચેક-ઈન/ચેક-આઉટ (સીઆઈસીઓ)

- ટીયર **2** ઈન્ટરવેન્શન્સનું પ્રથમ ચરણ
- શાળામાં વિદ્યાર્થીઓ પુખ્તવયના લોકો સાથે સકારાત્મક સંપર્ક વિકસાવે છે.
- દરેક દિવસની શરૂઆત અને અંતે કર્મચારીઓ (તેમના ક્લાસરૂમ શિક્ષક સિવાયના) સાથે "ચેક-ઈન અને આઉટ" કરે છે.
- દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ તેમની વર્તણૂંક અંગેના સકારાત્મક, સાચા પ્રતિસાદ મેળવે છે.
- ડેઈલી પ્રોગ્રેસ રિપોર્ટ (ડીપીઆર) માં વિદ્યાર્થીની પ્રગતિની દેખરેખ રાખવામાં આવે છે.
- હસ્તાક્ષર કરવા માટે ડીપીઆર ઘેર મોકલવામાં આવે છે.
- સમાવિષ્ટ તમામ વિદ્યાર્થીઓ માટે સીઆઈસીઓ પ્રક્રિયા સમાન છે.
- વિદ્યાર્થીઓ એક પણ સૂચન ચૂકી જતા નથી.

## સામાજીક/શૈક્ષણિક સૂચનાત્મક જૂથ (એસએઆઈજી)

- સામાન્ય રીતે સીઆઈસીઓ ઈન્ટરવેન્શનના ઉચ્ચ સ્તર સાથે સાંકળવામાં આવે છે.
- કર્મચારીઓ સાથે સપ્તાહમાં એકવાર વિદ્યાર્થીઓ જૂથમાં એકત્ર થાય છે.
- વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ સૂચનો મેળવે છે અને વર્તણૂંકમાં સકારાત્મક બદલાવ લાવવાની પ્રવૃત્તિ કરે છે.
  - ત્રણ પ્રકારના કૌશલ્ય નિર્માણ જૂથોઃ
    1. પ્રો-સોશિયલ સ્કીલ્સ
    2. સમસ્યા નિવારણ કૌશલ્યો
    3. શૈક્ષણિક વર્તણૂંક કૌશલ્યો
- ડીપીઆર ઉપર હજી પણ પ્રગતિની દેખરેખ રખાય છે.

## વ્યક્તિગત સીઆઈસીઓ

- સીઆઈસીઓમાં નીચે મૂજબના એક કે તેથી વધુ બદલાવઃ
  - ચેક-ઈન/આઉટ સ્થળ
  - વધારાના સહયોગ તથા પ્રોત્સાહન માટે દિવસ દરમિયાન વારંવાર "ચેક-ઈન" સમય.
  - દિવસના સમસ્યાયુક્ત સમય (લંચ, સ્પેશિયલ્સ) પહેલાં વધારાના "ચેક-ઈન" કાર્યક્રમો
  - ડીપીઆર ઉપર વ્યક્તિગત લક્ષ્યો
  - દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ સકારાત્મક, સાચા પ્રતિસાદ મેળવે છે
  - પીઅર માર્ગદર્શક